DB-16080001010300 Seat No. ________

# First Year B. Com. (Sem. I) (CBCS) Examination

## March – 2022

## Financial Accounting - 1

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ગુણ **સરખા** છે.

(2) કોઈ પણ **ચાર** પ્રશ્નોના જવાબ લખો.

1 મેસર્સ રામ અને શ્યામ તથા પટેલ અને પાટીલની ભાગીદારી પેઢીઓનું ''મેસર્સ સહકારી બ્રધર્સ'' નામની નવી પેઢીમાં તા. 31-12-2020ના રોજ સંયોજન થયુ તે તારીખે રામ અને શ્યામનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| *મૂડી-દેવાં* | *રકમ* | *મિલકત-લેણાં* | *રકમ* |
|---|---|---|---|
| મૂડી ખાતા : | | પાઘડી | 15,000 |
| રામ : 90,000 | | જમીન મકાન | 1,12,500 |
| શ્યામ : 60,000 | 1,50,000 | પ્લાન્ટ-યંત્ર | 60,000 |
| સામાન્ય અનામત | 37,500 | રોકાણો | 22,500 |
| શ્યામની લોન | 15,000 | સ્ટૉક | 45,000 |
| લેણદારો : 75,000 | | દેવાદારો | 37,500 |
| –જમા વટાવ | | રોકડ | 22,500 |
| અનામત : 1,500 | 73,500 | | |
| બૅન્ક લોન | 15,000 | | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | 24,000 | | |
| | ***3,15,000*** | | ***3,15,000*** |

રામ અને શ્યામ અનુક્રમે 2 : 3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતા તેમની પેઢી માટે સંયોજનની શરતો નીચે મુજબ હતી :

(1) સંયોજન પહેલા રામ-શ્યામની પેઢીએ શ્યામની લોન ચૂકવી આપવી.

(2) રોકાણો અને બૅન્ક લોન નવી પેઢીએ લેવાના નથી.

(3) પાઘડી રૂ. 60,000 નક્કી થઈ.

(4) જમીન-મકાન 8% ઓછી કિંમતે, પ્લાન્ટ યંત્રો 10% વધુ કિંમતે અને સ્ટૉક રૂ. 30,000માં નવી પેઢીએ ખરીદવાનાં છે. લેણદારો પર 8% જમા વટાવ અનામત તથા દેવાદારો પર 4% ઘાલખાધ અનામત રાખવાનું છે.

પેઢીના સંયોજન અંગે રામ અને શ્યામના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

**2** મેસર્સ જોષી - ત્રિવેદી તથા મેસર્સ દવે - પટેલની ભાગીદારી પેઢીઓનું મેસર્સ સહયોગ સંકેત નામની નવી પેઢીમાં તા. 31-12-2020ના રોજ સંયોજન થયું. તા. 31-12-2020ના રોજનું મેસર્સ જોષી - ત્રિવેદીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| *મૂડી-દેવાં* | *રકમ (રૂ.)* | *મિલકત લેણાં* | *રકમ (રૂ.)* |
|---|---|---|---|
| લેણદારો | 16,800 | જમીન-મકાન | 40,000 |
| જોષીની લોન | 15,000 | પ્લાન્ટ - મશીનરી | 25,000 |
| સામાન્ય અનામત | 10,000 | સ્ટૉક | 6,800 |
| બૅન્ક લોન | 15,000 | રોકડ | 15,000 |
| મૂડી ખાતાં | | દેવાદારો | 8,000 |
| જોષી : 30,000 | | લેણીહૂંડી | 2,000 |
| ત્રિવેદી : 20,000 | 50,000 | રોકાણો | 10,000 |
| | ***1,06,800*** | | ***1,06,800*** |

જોષી અને ત્રિવેદી તેમની મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતાં સંયોજનની શરતો નીચે મુજબ હતી :

(1) સંયોજન પહેલાં જોષીની લોન મેસર્સ. જોષી - ત્રિવેદીએ ચુકવી આપવી.

(2) નવી પેઢી રોકાણો સ્વીકારતી નથી.

(3) પાઘડીની કિંમત રૂ. 25,000 આંકવામાં આવી.

(4) જમીન-મકાન 25% વધુ કિંમતે લેવાના, પ્લાન્ટ અને યંત્રો 20% ઓછી કિંમતે લેવાના, સ્ટૉક રૂ. 5,000ની કિંમતે અને રૂ. 500 દેવાદારોમાંથી ઘાલખાધ તરીકે માંડીવાળવાના છે અને લેણદારો પર રૂ. 800 વટાવ અનામતની જોગવાઈ કરવાની છે.

ઉપરોક્ત સંયોજનની યોજનાને ધ્યાનમાં લઈ મેસર્સ જોષી - ત્રિવેદીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

3 1લી સપ્ટેમ્બર, 2020ના રોજ મુંબઈના વિજય ઍન્ડ કંપનીએ રાજકોટના રાજ બ્રધર્સને રૂ. 300નો એક એવા 1,000 ટેબલ-ફેન આડતથી વેચવા મોકલ્યા. નૂર અને અન્ય ખર્ચના રૂ. 25,000 ચૂકવ્યા. રસ્તામાં અકસ્માતને લીધે 100 પંખા સંપૂર્ણ નાશ પામ્યા. આ અંગે વીમા કંપનીએ રૂ. 12,000નો દાવો મંજૂર રાખ્યો. બાકીના પંખા આડતિયાએ ખર્ચના રૂ. 18,000 ચૂકવીને છોડાવી લીધા.

રાજ બ્રધર્સે વિજય ઍન્ડ કંપનીની લખેલી રૂ. 1,00,000ની હૂંડી સ્વીકારી જે રૂ. 95,000માં વટાવવામાં આવી. વેચાણ આંકડા મુજબ આડતિયાએ 800 પંખાનું દરેક રૂ. 450ના ભાવે વેચાણ કર્યું હતું. આડતિયાએ વખાર ભાડું અને જાહેરાત ખર્ચના રૂ. 6,000 ચૂકવ્યા હતાં. આડતિયાને વેચાણ ઉપર 5% લેખે કમિશન આપવાનું હતું. ઉપરની વિગતો પરથી વિજય ઍન્ડ કંપનીના ચોપડામાં જરૂરી ખાતા બનાવો અને રાજ બ્રધર્સના ચોપડે માલધણીનું ખાતું બનાવો.

4 રાજકોટના રાજીવે સુરતના સંજયને તા. 1-4-2020ના રોજ 20 ટી.વી. સેટ દરેક રૂ. 10,000ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. પડતર કિંમત પર 25% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે. રાજીવે માલમોકલતા નૂર અને વીમાના રૂ. 2,000 ચૂકવ્યા હતાં.

તા. 1-4-2020ના રોજ રાજીવે સંજય પર રૂ. 1,00,000ની 4 માસની મુદતની એક હૂંડી લખી હતી, જે સંજયે સ્વીકારીને તુરંત પરત કરી હતી. રાજીવે આ હુંડી તા. 1-5-2020ના રોજ બૅન્કમાં વાર્ષિક 12%ના દરે બૅન્કમાં વટાવી હતી.

સંજય 5% લેખે સામાન્ય આડત અને 2% લેખે આસામી આડત મેળવવા હકદાર છે. તદ્દુપરાંત, તેને ચોખ્ખા નફાના 10% લેખે નફા ભાગ પણ આપવાનો છે.

તા. 31-12-2020ના રોજ સંજયે વેચાણ આંકડો અને તેમની પાસેથી લેણી રકમનો બૅન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડામાં જણાવવામાં આવ્યુ કે :

(1) તેણે જકાતના રૂ. 800, વીમા પ્રીમિયમના રૂ. 1,200 અને જાહેરાતના રૂ. 3,000 ચૂકવ્યા હતાં.

(2) 10 ટી.વી. સેટ દરેક રૂ. 11,000ની કિંમતે રોકડેથી વેચ્યા હતાં.

(3) 5 ટી.વી. સેટ રૂ. દરેક રૂ. 12,000ની કિંમતે મફતલાલને ઉધાર વેચ્યા હતા.

(4) મફતલાલ નાદાર જાહેર થયા અને તેમની પાસેથી રૂપિયે 80 પૈસા લેખે આખરી ડિવિડન્ડ વસૂલ થઈ શક્યું.

(5) વર્ષ દરમિયાન તેમના ગોડાઉનમાં આગ લાગવાથી એક ટી.વી. સેટ સંપૂર્ણ પણે નાશ પામ્યો હતો. અને તે પેટે વીમા કંપનીએ રૂ. 7,500નો દાવો સ્વીકાર્યો હતો.

(6) નહિ વેચાયેલા ટી.વી. સેટ પૈકી બે ટી.વી. સેટને નુકસાન થયેલ હોય રૂપિયા 1,300 સમારકામ ખર્ચ થવાનો અંદાજ છે.

ઉપરની વિગતો પરથી રાજીવના ચોપડે આડતમાલ ખાતું અને સંજયનું ખાતું તૈયાર કરો.

5 તા. 2-5-2020ના રોજ ધનબાદના શ્રી સૂરી અને દિલ્હીના શ્રી બશીર સંયુક્ત સાહસમાં ઢીંગલીઓના ખરીદ વેચામ માટે 3 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચવાની શરતે જોડાયા.

તા. 7-6-2020ના રોજ બશીરે 600 નંગ ઢીંગલીઓ રૂ. 52ના ભાવથી ખરીદી અને તેમાંથી 240 ઢીંગલી સૂરીને મોકલી આપી. તેણે નૂર અને વીમાના રૂ. 3,700 ચૂકવ્યા. રસ્તામાં 25 ઢીંગલીઓને નુકસાન થયુ, જેના વીમા કંપનીએ રૂ. 250 ચૂકવ્યા. તા. 15-7-2020ના રોજ સૂરીએ રૂ. 7,050 બશીરને મોકલી આપ્યા.

તા. 26-7-2020ના રોજ સૂરી એ 300 નંગ ઢીંગલી દરેક રૂ. 55ના ભાવથી ખરીદી અને તેમાંથી 100 ઢીંગલીઓ બશીરને મોકલી આપી. માલના નૂર અને વીમાના તેણે રૂ. 1,500 ચૂકવ્યા.

તા. 14-8-2020ના રોજ નુકસાનીવાળી ઢીંગલીઓમાંથી 18 ઢીંગલીઓ સૂરીએ અંગત હેતુ માટે ઢીંગલીદીઠ રૂ. 25 ના ભાવથી લીધી. જ્યારે બાકીની નુકસાનીવાળી ઢીંગલીઓ ગ્રાહકોને મફત વહેંચી આપી.

તા. 11-11-2020ના રોજ સૂરી અને બશીરે પોતાની પાસેથી તમામ ઢીંગલીઓ રૂ. 60ના ભાવથી વેચી દીધી.

તા. 30-11-2020ના રોજ સંયુક્ત સાહસ પૂરું થયું અને બૅન્ક ડ્રાફ્ટ મારફતે હિસાબ ચૂકતે કરવામાં આવ્યો.

ઉપરની માહિતી પરથી તમારે સૂરી અને બશીરના ચોપડામાં :

(i) સંયુક્ત સાહસના ખાતા અને

(ii) સહભાગીદારના ખાતા બનાવવાના છે.

6 મનોજ, અશોક અને ચેતન સંયુક્ત રીતે એક રામ મંદિર જનતા માટે બાંધવાનો રૂ. 7,50,000નો કરાર લ્યે છે. જેના નાણાં કામ પૂરું થયે રૂપિયા 6,00,000 રોકડા અને રૂ. 1,50,000ના 6%ના ડિબેન્ચરમાં ચૂકવવાના હતા. તેઓએ અનુક્રમે રૂ. 1,12,500, રૂ. 60,000 અને રૂ. 90,000 રોકડા લાવી સંયુક્ત બૅન્ક ખાતામાં જમા કરાવ્યા. મનોજે આર્કીટેક્ટ ફીના રૂ. 10,500 ચૂકવ્યા, અશોકે રૂ. 37,500નું કોક્રેટ મિક્ષ્ચર લાવ્યા, ચેતન રૂ. 30,000ની એક મોટર લાવ્યા. સંયુક્ત બૅન્ક ખાતામાંથી મજૂરી રૂપિયા 2,92,500, માલસામાનના રૂ. 3,60,000 અને પ્લાન્ટના રૂ. 36,000 ચૂકવવામાં આવ્યા. કામ પૂરું થતાં મનોજે વધેલો માલ રૂ. 21,000માં અશોકે કોંક્રીટ મિક્ષ્ચર મશીન રૂ. 18,000માં પાછુ લઈ લીધું. ચેતને રૂ. 12,000માં મોટર લઈ લીધી. પ્લાન્ટ ભંગાર તરીકે રૂ. 9,000માં વેચી નાખવામાં આવ્યો. રોકડ અને ડિબેન્ચર મળી ગયા મનોજે રૂ. 1,20,000ની નક્કી કરેલી કિંમતે ડિબેન્ચર લઈ લીધા જરૂરી ખાતા તૈયાર કરો.

7 A, B અને C 5 : 3 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ તા. 15-2-2018ના રોજ રૂ. 1,00,000ની સંયુક્ત જીવન વીમા પોલીસી લે છે. વાર્ષિક પ્રીમિયમ રૂ. 10,000 છે. સંયુક્ત જીવન વીમા પોલીસીનું શરણ મૂલ્ય નીચે પ્રમાણે છે :

31-12-2018 ના રોજ શૂન્ય

31-12-2019 ના રોજ કુલ ભરેલ પ્રીમિયમના 30%

31-12-2020 ના રોજ કુલ ભરેલ પ્રીમિયમના 40%

તા. 28-2-2021ના રોજ B નું મૃત્યુ થતાં પેઢીને 10% બોનસ સાથે પોલીસીની રકમ મળે છે. ઉપરની વિગતો પરથી સંયુક્ત જીવન વીમા પોલીસી ખાતું તથા સંયુક્ત જીવન વીમા પોલીસી અનામત ખાતું બનાવો.

8 લાલ, બાલ અને પાલ 1 : 2 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે રૂ. 3,00,000ની સંયુક્ત જીવન વીમા પોલીસી લીધી છે. તા. 1-1-2018ના રોજ રૂ. 12,000નું પ્રથમ પ્રીમિયમ ચૂકવવામાં આવ્યું.

પોલીસીનું શરણમૂલ્ય નીચે મુજબ છે :

| | |
|---|---|
| તા. 31-12-2018ના રોજ | શૂન્ય |
| તા. 31-12-2019ના | 2,400 |
| તા. 31-12-2020ના | 4,500 |

બાલ તા. 15-2-2021ના રોજ મૃત્યુ પામ્યો. પેઢીના ચોપડે સંયુક્ત જીવન વીમા પોલીસી ખાતુ અને સંયુક્ત જીવન વીમા પોલીસી અનામત ખાતું તૈયાર કરો. તેમજ પેઢીના ચોપડે 2018ના વર્ષની આમનોંધ લખો.

## ENGLISH VERSION

**Instructions :**

(1) All questions carry equal marks.

(2) Give answer any four.

1 Two firms namely M/s. Ram & Shyam and M/s. Patel and Patil agreed to amalgamate as on 31-12-2020 under the name of M/s. Sahkar Bros. The Balance Sheet of M/s. Ram & Shyam as on 31-12-2020 was as under :

| ***Liabilities*** | ***Rs.*** | ***Assets*** | ***Rs.*** |
|---|---|---|---|
| Capital A/cs. | | Goodwill | 15,000 |
| Ram : 90,000 | | Land & Building | 1,12,500 |
| Shyam : 60,000 | 1,50,000 | Plant & Machinery | 60,000 |
| General reserve | 37,500 | Investments | 22,500 |
| Shyam's loan | 15,000 | Stock | 45,000 |
| Creditors : 75,000 | | Debtors | 37,500 |
| –Discount | | Cash balance | 22,500 |
| reserve : 1,500 | 73,500 | | |
| Bank loan | 15,000 | | |
| Bank overdraft | 24,000 | | |
| | ***3,15,000*** | | ***3,15,000*** |

Ram & Shyam used to share Profit an Losses in the ratio 2 : 3 respectively. The terms of amalgamation were as under :

(1) Before amalgamation Shyam's loan is paid off by M/s Ram & Shyam.

(2) The new firm not to take over investments and bank loan.

(3) Goodwill to be valued at Rs. 60,000.

(4) Land and Building to be taken over at 8% less value, Plant and Machinery at 10% more value and stock at Rs. 30,000. Discount reserve on creditors to be raised to 8% and bad-debts reserve to be raised to 4% on debtors.

2 M/s. Joshi and Trivedi agreed to amalgamate on 31-12-2020 under the name of M/s. Sahyog Sanket Brothers. The Balance Sheet of M/s. Joshi and Trivedi as on 31-12-2020 was as under :

| ***Liabilities*** | ***Rs.*** | ***Assets*** | ***Rs.*** |
|---|---|---|---|
| Creditors | 16,800 | Land & Building | 40,000 |
| Joshi's loan | 15,000 | Plant & Machinery | 25,000 |
| General Res. | 10,000 | Stock | 6,800 |
| Bank loan | 15,000 | Cash | 15,000 |
| Capital A/c | | Debtors | 8,000 |
| Joshi : 30,000 | | B/R | 2,000 |
| Trivedi : 20,000 | 50,000 | Investments | 10,000 |
| | ***1,06,800*** | | ***1,06,800*** |

Joshi and Trivedi used to share Profit an Losses in their capital ratio. The terms of amalgamation were as under :

(1) Before amalgamation Joshi loan is paid off by M/s. Joshi and Trivedi.

(2) The new firm not to take over investments.

(3) Goodwill to be valued at Rs. 25,000.

(4) Land and Building to be taken over at 25% more value. Plant and Machinery at 20% less, stock at Rs. 5,000, Rs. 500 was to be written off as bad from debtors and Rs. 800 was to be provided as discount reserve on creditors.

Prepare necessary accounts in the books of Joshi and Trivedi.

**3** On 1$^{st}$ September, 2020, Vijay and Co. of Bombay sent on consignment to Raj Bros. of Rajkot, 1,000 Table fans costing Rs. 300 each. The freight and other charges on the consignment amounted to Rs. 25,000. 100 table fans were destroyed in transit due to accident and the insurance co. accepted the claim of Rs. 12,000. Raj Bros. paid Rs. 18,000 for expenses of remaining goods.

The Consignee accepted a bill of Rs. 1,00,000 drawn by the consignor, which latter discounted for Rs. 95,000. From the Account sale received from Raj Bros. it was seen that 800 fans were sold at Rs. 450 each. Raj Bros. had paid Rs. 6,000 for storage and advertisement. Consignee were entitaled to a commission of 5% on sales. Prepare consignment Account and Raj Bros. Account and Goods sent on consignment Account in the books of Vijay and Co. also prepare Vijay and Co.'s Account in the books of Raj Bros.

4 Rajiv Rajkot consigned 20 T.V. sets to Sanjay of Surat at an invoice price of Rs. 10,000 each. On 1-4-2020 the invoice price is arrived at by adding 25% profit on cost price Rajiv paid Rs. 2,000 for freight and insurance, while sending the goods.

On 1-4-2020 Rajiv drew a bill of 4 months for Rs. 1,00,000 on Sanjay, which was Immediately returned by the latter duly accepted. On 1-5-2020 Rajiv discounted this bill in the bank at the rate of 12% discount per annum.

Sanjay is entitled to get 5% general commission and 2% Del credere commission in addition to this he is also to be given 10% of net profit as a share in profit.

On 31-12-2020 Sanjay sent an account sales and a Bank draft for the amount due from him.

It was reported in the account sales that :

(1) He paid Rs. 800 for Octroi. Rs. 1,200 for insurance premium and Rs. 3,000 for advertisement.

(2) He sold 10 T.V. sets at Rs. 11,000 each for cash.

(3) He sold 5 T.V. sets at Rs. 12,000 each to the Mafatlal on credit.

(4) Mafatlal was declared insolvent and only 80 paise in a Rupee could be recovered from him as a final dividend.

(5) One T.V. Set was completely destroyed due to fire. Which took place in his godown during the year and the insurance company admitted a claim of Rs. 7,500.

(6) Out of the unsold T.V. sets, two T.V. Sets were damaged and repairing charges for the same are estimated at Rs. 1,300.

From the above particulars prepare consignment account and Sanjay's Account in the books of Rajiv.

**5** On 2-5-2020 Suri of Danbad and Bashir of Delhi entered in to a Joint venture to buy and sell dolls. They agreed to share profits on losses in the ratio of 3 : 2.

On 7-6-2020 Bashir purchased 600 dolls at Rs. 52 each and sent 240 dolls to Suri. He paid the Freight and insurance Rs. 3,700 in transist 25 dolls were damaged and the insurance company paid Rs. 250 to Bashir. On 15-7-2020 Suri made a remittance of Rs. 7,050 to Basir.

On 26-7-2020 Suri purchased 300 dolls at Rs. 55 each and sent 100 dolls to Bashir incurring Rs. 1,500 as freight and insurance charges.

On 14-8-2020 18 damaged dolls were taken over by suri for personal purpose at an agreed price of Rs. 25 each and distributed the remaining damaged dolls, free of cost amongst the customers.

On 11-11-2020 Both Suri and Bashir disposed off all the dolls in their possession at Rs. 60 each.

On 30-11-2020 venture was closed and the accounts were settled by Bank draft. You are required to prepare Join venture Account and Personal Accounts of Suri and Bashir in their respective books.

**6** Manoj, Ashok and Chetan undertook a contract to build a Ram Templae. For Janta at a price of Rs. 7,50,000 to be paid as to Rs. 6,00,000 in cash and Rs. 1,50,000 in 6% debentures on completion of the work. They brought cash Rs. 1,12,500, Rs. 60,000 and Rs. 90,000 respectively and deposited in to joint bank account. Manoj paid Rs. 10,500 of architect fees. Ashok brought a concrete mixture machine of Rs. 37,500. Chetan brought motor of Rs. 30,000. From the Joint Bank Account wages of Rs. 2,92,500,

Materials of Rs. 3,60,000 and plant of Rs. 36,000 were paid on completion of venture Manoj took over unused materials of Rs. 21,000, Ashok took concrete mixture machine back for Rs. 18,000, Chetan took back the motor at Rs. 12,000. The plant was sold as scrap for Rs. 9,000. Cash and debentures were received. Manoj took over debentures at an agreed value of Rs. 1,20,000. Prepare necessary Account.

7 A, B and C are partners sharing profit and losses in 5 : 3 : 2. They took out a Joint Life Policy of Rs. 1,00,000 on 15-2-2018. The annual premium is Rs. 10,000. The surrender values of the Joint Life Policy are as under :

31-12-2019 Nil

31-12-2019 30% of the total Premium Paid

31-12-2020 40% of the total Premium Paid

On 28-2-2021 B expires and the firm receives the amount of policy alongwith 10% bonus.

Prepare Joint Life Policy Account and Joint Life Policy Reserve Account.

8 Lal, Bal and Pal were partners sharing Profit in the ratio of 1 : 2 : 2. They took of Joint Life Policy for Rs. 3,00,000. The first annual premium of Rs. 12,000 was paid on 1-1-2018. The surrender value of the policy was as follows :

31-12-2018 Nil

31-12-2019 2,400

31-12-2020 4,500

Bal died on 15-2-2021 and the firm received the policy amount. From the above information, prepare Joint Life Policy Account and Joint Life Policy reserve Account and also Pass Journal Entries for 2018 in the book of firm.